ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૧૨.૦૪.૨૦૧૮

----------------

**કોંગ્રેસે માત્ર ગાંધીજીનાં નામે દેશની પ્રજામાં ભાગલા પડાવી અને પ્રજાને છેતરી છે. ગાંધીજીનાં સ્વચ્છતા અભિયાનનાં વિચારો ને લઇને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ચાર વર્ષમાં ૮૦ % ભારતને સ્વચ્છતા અભિયાનમાં આગળ વધાર્યુ છે.- શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા આજ રોજ સંસદ ની કાર્યવાહી રોકી લોકતંત્રનું હનન કરનાર કોંગ્રેસ વિરૂધ્ધ દેશ વ્યાપી “ધરણા” - ઉપવાસ નો કાર્યક્રમ મહાત્મા ગાંધી નગર ગૃહ ખાતે સાંસદ અને શહેર અધ્યક્ષા માનનીય શ્રીમતી રંજનબેન ભટ્ટની અધ્યક્ષતા માં અને પ્રદેશ પ્રમુખ માનનીય શ્રી જીતુભાઇ વાઘાણી, પ્રદેશ મંત્રી શ્રી જીવરાજભાઇ ચૌહાણ, શહેર અને જીલ્લા નાં ધારાસભ્યશ્રીઓ, વહીવટી હોદ્દેદારશ્રીઓ, સંગઠન હોદ્દેદારશ્રીઓ તથા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી યોજવામાં આવેલ હતો.

ઉપરોકત કાર્યક્રમનો સવારે ૧૧:૦૦ કલાક થી શહેર અધ્યક્ષા શ્રીમતી રંજનબેન ભટ્ટની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીજીની વિશેષ ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવ્યો હતો. ઉપવાસ કાર્યક્રમ ને અંતે **પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીજીએ મહાત્મા ગાંધીજીની પ્રતિમા ને પુષ્પાંજલી અર્પણ કરી હતી ત્યારબાદ સાંસદ શ્રી, સર્વે ધારાસભ્યશ્રીઓ તથા સંગઠનનાં કાર્યકરશ્રીઓએ પણ પુષ્પાંજલી અર્પણ કરી હતી.**

**સમગ્ર સભાને સંબોધતા ભા.જ.પા. પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીજીએ જણાવેલ કે ભા.જ.પા. એ ગાંધીનાં માર્ગે ચાલ્યું છે. ગાંધીજીનાં વિચારો ને માનનીય વડાપ્રધાનશ્રી એ વાચા આપી છે. કોંગ્રેસે માત્ર ગાંધીનાં નામે દેશની પ્રજામાં ભાગલા પડાવી અને પ્રજાને છેતરી છે. ગાંધીજીનાં સ્વચ્છતા અભિયાનનાં વિચારો ને લઇને વડાપ્રધાનશ્રીએ ચાર વર્ષમાં ૮૦ % ભારત ને સ્વચ્છતા અભિયાનમાં આગળ વધાર્યુ છે. ગામ સ્વરાજ્ય થી સુરાજ્ય ની કલ્પના ભા.જ.પા. એ સાકાર કરી છે.**

ભા.જ.પા. નો વિચાર એ જ ભારતમાતા ની જય છે. સર્વાંગી સમાજ નો વિકાસ એ જ ભારતમાતા ની જય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રજી અને પ્રમુખ શ્રી અમિતભાઇ ભારતમાતાનું ગૌરવ વધે, દેશ ના આમ નાગરિકો સુખી સમૃધ્ધ થાય કાર્યદક્ષ બને તે માટે સતત ચિંતિત છે, આજે સંસદ ની કાર્યવાહી રોકી લોકતંત્રનું હનન કરનાર કોંગ્રેસ વિરૂધ્ધ દેશ વ્યાપી “ધરણા” - ઉપવાસ માં વડોદરા શહેરનાં અમારા પ્રદેશનાં મંત્રી શ્રી જીવરાજભાઇ ચૌહાણ, શહેર અધ્યક્ષા શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા, શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રીમતી સીમાબેન મોહીલે, શ્રી યોગેશભાઇ પટેલ, શ્રી કેતનભાઇ ઇનામદાર, શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ, શહેર મહામંત્રી શ્રી સદાનંદભાઇ દેસાઇ, શ્રી રાકેશભાઇ પટેલ, શ્રી કેયુરભાઇ રોકડીયા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રીમતી જીગીષાબેન શેઠ, ડે. મેયર શ્રી યોગેશભાઇ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ તથા શુભેચ્છકો દેશની ગરીમાના કાજે એક દિવસનાં ઉપવાસ પર બેઠા છે.

કોંગ્રેસ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરી અને સંસદ ન ચલાવી દેવી દેશ ના વિકાસ ને આગળ વધતો રોકવો, દેશદ્રોહી પ્રવૃત્તિ કરી નાતિ-જાતિ નાં ભેદભાવ ઊભા કરી દેશને તોડવાનો પ્રયત્ન કરી રહી છે. કોંગ્રેસનાં રાજકુમાર હમણાં થોડા દિવસ પહેલાં માત્ર એક કલાક માટે ઉપવાસ પર બેઠાં હતાં અને કેટલાક કોંગ્રેસીઓએ છોલે-ભટુરે ખાઇ નેઉપવાસ કર્યો હતો. સત્તાભૂખી કોંગ્રેસને લોકો માટે સંવેદના નથી, દેશની સંસદ ને તેઓ ચાલવા દેતાં નથી.

રાહુલ ગાંધી જ્યારે કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ હતાં ત્યારે એક પછી એક ૨૨ રાજ્યોમાં ભા.જ.પા. વિજયી થયું અને રાહુલ અધ્યક્ષ થયાં પછી નોર્થ ઇસ્ટમાં પણ ભાજપ વિજયી થયું અને કોંગ્રેસનાં સુપડાં સાફ થયાં. મુઠ્ઠી ભર કોંગ્રેસી સંસદને બાનમાં લઇ લોકશાહીની તોહીન કરી છે.ગરીબોની વાતો કરનાર કોંગ્રેસનાં સમયમાં ગરીબો હટી ગયાં મિત્રો આવો આપણે સૌ એકઠાં

//૨//

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

થઇ લોકશાહીનું જતન કરીએ. કોંગ્રેસની દેશ વિરોધી પ્રવૃત્તિથી પ્રજા હવે ત્રાહિમામ પોકારી ગઇ છે. માનનીય વડાપ્રધાનશ્રી નાં કુશળ સંચાલન સામે કોંગ્રેસ સંસદમાં વિરોધ કરી લોકહિત વિરૂધ્ધ પ્રવૃત્તિ કરે છે ભા.જ.પા. ના કાર્યકર્તાઓની તાકાત ને કોંગ્રેસને ખબર નથી, કોંગ્રેસીઓ અમને પડકારશો નહીં.

ગાંધીજીએ દેશની આઝાદી મળ્યાં પછી કહ્યું હતું કે કોંગ્રેસને વિખેરી નાંખો કારણકે આપણું લક્ષ્ય પુરૂ થયું છે. પરંતુ રાજકુમારનાં ખાનદાને કોંગ્રેસને વિખેરવા ન દીધું અને સત્તા માટે કોંગ્રેસ ને સાધન બનાવી તૃષ્ટિકરણ ની નીતી ઉભી કરી આ દેશને વેર વિખેર કરી મોટા મોટા કૌભાંડો આચર્યા, કરોડો રૂપિયાનાં ભ્રષ્ટાચાર કર્યા કોંગ્રેસનાં રાજમાં ગુંડાગર્દી ફુલી ફાલી હતી જ્યારે હવે ભા.જ.પાનાં રાજ માં વિકાસ અને સમૃધ્ધિનાં દ્વાર ખુલ્યાં છે ત્યારે ફરી કોંગ્રેસ પ્રજાને ઉંધી દિશામાં દોરે છે.

કોંગ્રેસે ૬૨ વર્ષ દેશમાં રાજ કર્યુ, દેશ ને વેર વિખેર કર્યો, હવે ભા.જ.પ નાં ૪ વર્ષનાં સુશાસનમાં સત્તા માટે ફરી તળફળીયા મારી લોકોને ગેર માર્ગે દોરે છે, ભા.જ.પ માટે સત્તા એ સેવાનું સાધન છે જ્યારે કોંગ્રેસ માટે સત્તા એ ભ્રષ્ટાચારનું સાધન છે. ભાઇચારો બને, સમરસતા કેળવાય, દેશ વિકાસની ગતિએ આગળ વધે એ ભા.જ.પ નો મહામંત્ર છે. ભા.જ.પ જોડવાનું કામ કરે અને કોંગ્રેસ ફરીએક વાર તોડવાનું કામ કરે છે. બાબા સાહેબ કોઇ એક સમાજનાં ન હતાં, બાબા સાહેબ સમગ્ર ભારતનાં દરેક લોકોનાં દિલ માં વસેલાં હતાં સર્વે કાર્યકર્તા મિત્રોને મહાનુભવો ને ઉપવાસ માટે અભિનંદન, જય જય ગરવી ગુજરાત.

આ પ્રસંગે સાંસદ/શહેર અધ્યક્ષા શ્રીમતી રંજનબેન ભટ્ટે પ્રવચન કરી જણાવ્યં હતું કે આજનો દિવસ એક ઐતિહાસિક દિવસ છે. વડાપ્રધાન મોદીજી અધ્યક્ષ અમિતભાઇ તેમજ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઇ પટેલ નાં માર્ગદર્શન હેઠળ ધરણા નો કાર્યક્રમ યોજાયો છે, આખો દેશ અને ગુજરાત ઉપવાસ પર બેઠો છે. આપણી સરકાર ગરીબો ની સરકાર છે. ગરીબલક્ષી અસંખ્ય યોજનાઓ માનનીય વડાપ્રધાનશ્રી એ આ દેશને આપી છે. રાષ્ટ્રપતિ ને અભિનંદન આપતું વક્તવ્ય માનનીય મોદીજીએ સવા કલાક સુધી સંસદમાં આપ્યું ત્યારે કોંગ્રેસીઓ એક પણ શબ્દ સાંભળ્યો નહીં અને વકતવ્યનો વિરોધ કરતાં રહ્યાં સંસદનાં સત્રને ચાલવાં દિધું નહીં, વિકાસલક્ષી યોજનાઓને પાસ કરવાં દિધી નહીં, કોંગ્રેસનાં આ વિરોધ પ્રદર્શનને કારણે વડાપ્રદાનશ્રીએ તારીખ ૧૨ એપ્રિલે ઉપવાસ કરવો તેવુ સમગ્ર દેશ ને આહવન આપ્યું. સર્વે કાર્યકર્તાઓ ને આ તર્પોર્યા માટે હું અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે પ્રદેશ મંત્રી શ્રી જીવરાજભાઇ ચૌહાણે બાબા સાહેબ આંબેડકરને યાદ કરી ને જણાવ્યું હતું કે આ દેશને કોઇએ સાચી અંજલી આપી હોઇ તો તે ભારતીય જનતા પાર્ટી એ આપી છે. અટલજી ની સરકારે આપી છે. અને મોદીજી ની સરકારે આપી છે, કોંગ્રેસનું આચરણ અને વિચરણ જુદુ છે, છોલે-ભટુરે ખાઇને દલિતોના નામે ઉપવાસ કરે છે, ભા.જ.પા બંધારણ બદલશે એવા ખોટાં નારાં લગાવી દેશ ને ગુમરાહ કર્યો છે. રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરી છે અને સંસદ ચાલવા નથી દીધી. કોંગ્રેસે જીવનભર બાબા સાહેબ ને અન્યાય કર્યો છે. બાબા સાહેબ ને ભારતરત્ન એવોર્ડ પણ અટલજીની સરકારે આપ્યો છે. કટોકટી લાદી ને કોંગ્રેસે લોકશાહીનું ખૂન કર્યુ છે. કાર્યકર્તાઓનાં ઉપવાસ ની આ તર્પોર્યાને તેમણે બિરદાવી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ